| GJBK040012542 024 | | કેસ રજુ કર્યા તારીખ | ૧૭/૦૨/૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ કર્યા તારીખ | ૧૭/૦૨/ ૨૦૨૪ | | |
| | | ચુકાદાની તારીખ | ૪/૫ /૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૨ | ૨ | ૧૭ |

:: **<u>નમૂના – અ</u>** ::

| **એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, ડીસા** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૪/૫ /૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૯૩૪/૨૦૨૪ |
| જજમેન્ટ આંક | ૪૨ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૧૨૩૦૫૬૦/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | આગથળા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી / ફરિયાદીનું નામ |
| રજૂઆત | વિદ્વાન મદદનીશ સરકારી વકીલ |

| | |
|---|---|
| | શ્રી.જી.એચ.આલ |
| આરોપી પક્ષ | (૧) રામાભાઈ જોયતાભાઈ ચૌધરી<br>(૨) શંકરભાઈ ધર્માભાઈ ચૌધરી<br>(૩) માદેવભાઈ વીરાભાઈ ચૌધરી<br>(૪) રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી<br>તમામ રહે, પેછડાલ, તા. ડીસા, જી.બનાસકાંઠા |
| રજૂઆત | આરોપી તર્ફે વિદ્ધાન વકીલ શ્રી.જી.કે.પોપટ |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૧૨/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૭/૧૨/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૨/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૫/૩/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨/૦૭/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૪ /૫ /૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૪/૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ૪/૫/૨૦૨૬ |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનુ અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકતી તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયો/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં.ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રામાભાઈ જોયતાભાઈ ચૌધરી | ૩/૧/૨૪ | ૩/૧/૨૪ | ઈ.પી. કો. ક.૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ | સજા | આખરી હુકમ મુજબ | – |
| ૨. | શંકરભાઈ ધરમાભાઈ ચૌધરી | ૩/૧/૨૪ | ૩/૧/૨૪ | ઈ.પી. કો. ક.૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ | '' | '' | – |
| ૩. | માદેવભાઈ વીરાભાઈ ચૌધરી | ૩/૧/૨૪ | ૩/૧/૨૪ | ઈ.પી. કો. ક.૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ | '' | '' | – |
| ૪. | રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી | ૩/૧/૨૪ | ૩/૧/૨૪ | ઈ.પી. કો. ક.૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ | '' | '' | – |

**:: નમૂનો ક ::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

**<u>અ. ફરિયાદ પક્ષ</u> :–**

| અનુક્રમ નંબર | નામ | આંક સંખ્યા | પુરાવા નો પ્રકાર |
|---|---|---|---|
| ફરીયાદપક્ષના સાહેદ.૦૧ | નારણભાઈ કાનજીભાઈ ચૌધરી | ૧૭ | ફરીયાદી |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૨ | ભગવાનભાઈ ડામરાભાઈ ચૌધરી | ૨૧ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૩ | નાવાબેન કાનજીભાઈ ચૌધરી | ૨૨ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૪ | શાંતાબેન ભગવાનભાઈ હડીયા | ૨૩ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૫ | જોયતાભાઈ ચેહરાભાઈ ચૌધરી | ૨૬ | પંચ સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૬ | રવજીભાઈ રુપસીભાઈ ભટ્ટ | ૩૭ | ત.ક.અ |

## ફરિયાદપક્ષ / બચાવપક્ષ / ન્યાયાલયના આંકની યાદી

## અ. ફરિયાદપક્ષના આંકની યાદી :–

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૧૮ | ફરીયાદ |
| ૨. | આંક–૨૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

## ડ. ભૌતિક પદાર્થ–મુદ્દામાલ:–

| અનુક્રમ | ભૌતિક પદાર્થ | વર્ણન |
|---|---|---|

| **નંબર** | **સંખ્યા** | |
|---|---|---|
| ૧. | – | – |

ફોજદારી કાર્યવાહી સંહિતાના પ્રકરણ:– ૨૭, કલમ:–૩૫૩, ૩૫૫ અને ૩૫૮ તેમજ ક્રીમીનલ મેન્યુઅલના પેરા નંબર:– ૧૭૨ મુજબ

# – : ચુ કા દો :–

## (૧) ફરીયાદ પક્ષના કેસનીટુંકમાં હકીકત:–

Cr.P.C Section.173

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક:૯/૩૦ વાગ્યાના સુમારે પેછડાલ ગામની સીમમાં ફરીયાદી તેમના ખેતરમાં ગયેલ હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી નં.૧ ના ખેતરમાં જવાનો સ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે આ રસ્તો તમોએ કેમ ખોલેલ છે જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે મે. મામલદતર સાહેબશ્રીના હુકમ મુજબ આ રસ્તો ખોલાવેલ છે તેવું કહેતાં આ કામના ફરીયાદીએ કહેલ કે તમો નીકળી ગયા પછી ઝાંપો બંધકરી દેજો તેવું કહેતાં આરોપી નં. ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલવા લગતાં તેમજ આરોપી નં. ૧ નાએ બુમો પાડી આરોપી નં. ૨ થી ૪ ને બોલાવતાં આરોપી નં.૨ થી ૪ નાએ આવી ફરીયાદીને ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મારવા માટે સામા થતાં સાહેદ નવાબેન ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતાં તમામ આરોપીઓએ સાહેદ નાવાબેનને આડેધડ ગડદાપાટુનો માર

મારી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની જાસા ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાઅ મદદગારી કરેલ, તે બાબતની ફરીયાદ આગથળા પો.સ્ટે.ગુના રજી. નં.પાર્ટ–એ. ૧૧૧૯૫૦૦૧ ૨૩૦૫૬૦/૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સહિંતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો રીપોર્ટ ક્રીમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૧૭૩ મુજબ ઈન્સાફી કાર્યવાહી વાસ્તે અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

## (૨) **કોગ્નીઝન્સ, આરોપી હાજરી અને પોલીસ પેપર્સ બાબત –**

Cr.P.C Section.190,204,207

તપાસ કરનાર અમલદારે અદાલતમાં કરેલ ચાર્જશીટના અનુસંધાને મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૦(બી) મુજબ આરોપી વિરુદ્ધ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ જેમાં આરોપી હાજર થતાં, આરોપી સામેનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨ (ડબલ્યુ) મુજબ સમન્સ ટ્રાયેબલ કેસ છે, આથી ક્રિમીનલ પ્રોસીઝરના પ્રકરણ–૨૦ માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત દ્વારા કરવામાં આવેલ છે. આરોપીને સદર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ

તેઓને વિનામુલ્યે આપવામાં આવેલ છે, જે તેઓને મળી ગયા બદલની ખાત્રી આંક–૦૧ (ચાર્જશીટ) પાછળ આરોપીની સહી લઇ કરવામાં આવેલ છે.

(૩) **કાનુની સહાય અંગે :–** Legal Services Authority Act

આરોપી હાજર થતાં તેઓ વિરુદ્ધ રહેલા કેસની તેઓને જાણ કરવામાં આવેલ અને તેઓને એવુ જણાવવામાં આવેલ છે કે, જો તેઓએ તેમના સામે રહેલ કેસમાં બચાવ કરવા માટે આર્થિક રીતે સક્ષમ ન હોય તો તેઓને ભારતીય બંધારણના આર્ટીકલ–૩૯ (એ) મુજબ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ અત્રેની અદાલત દ્વારા જીલ્લા/ તાલુકા કાનુનિ સેવા સમિતિ દ્વારા તેઓને બચાવ વાસ્તે કાનુનિ સહાય નિયમોનુસાર મળી શકે તેમ છે આરોપીએ અત્રેની અદાલત રૂબરૂ એવુ જણાવેલ છે કે, તેઓ કોઈ કાનુની સહાય મેળવવા માંગતા નથી, પોતાનો બચાવ કરવા માટે પસંદગીના વકીલ તેઓ દ્વારા રાખવામાં આવેલ છે તે ધ્યાને લેતા ભારતના બંધારણના આર્ટીકલ–૨૨ તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૩ માં જણાવેલ જોગવાઈઓનું સદર કેસમાં પાલન થયેલ છે.

(૪) **તહોમતનામું અને પ્લી :–** Cr.P.C Section.251

આ કામમાં આરોપી હાજર થતાં, પોલીસ દ્વારા તેમના ઉપર જે ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે તેની વિગતો જણાવી આંક–૪ થી તહોમતનામું ફરમાવી સી.આર.પી.સી.કલમ–૨૫૧ મુજબ આંક– ૫ થી ૮ સુધી આરોપીના જવાબ લેવામાં આવેલ જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. આથી આ કામ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૪ મુજબ ફરીયાદપક્ષનો કેસ રજુ કરવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ છે.

(૫) **<u>સરકારી વકીલશ્રી દ્વારા કાર્યવાહી</u> :–** <u>Cr.P.C Section.301</u>

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૧, ક્રિમીનલ મેન્યુઅલ પેરા નંબર–૧૩૫ ની જોગવાઈ મુજબ આસીટન્ટ પબ્લીક પ્રોસીકયુટરનાઓએ સરકારપક્ષે હાજર રહી સરકાર(ફરીયાદી) તર્ફે પ્રોસીકયુટીંગનું કામ કરેલ છે.

(૬) **<u>ફરીયાદપક્ષનો પુરાવો</u> :-** <u>Cr.P.C Section.242</u>

આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુન્હા પુરવાર કરવા ફરીયાદપક્ષે ઉપરોક્ત નમુના 'ક' માં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે ત્યારબાદ સરકારપક્ષે આ કામે પુરાવો બંધ કરવા મૌખીક માં રજુઆત કરતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ફરીયાદપક્ષનો પુરાવો સી.આર.પી.સી.ની કલમ–

૨૭૩ મુજબ પુરાવો લેવાની અને નોંધવાની જે રીત જણાવવામાં આવેલ છે તે મુજબ ઈન્સાફી કાર્યવાહી આરોપીની હાજરીમાં સી.આર.પી.સી.ની કલમ–૨૭૩ અન્વયે ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં કલમ–૨૮૦ મુજબ સાક્ષીઓના વર્તન વિશે કોઈ નોંધ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર જણાય આવતું નથી.

(૭) **<u>આરોપીના વિશેષ નિવેદન</u> :–** <u>Cr.P.C Section.313</u>

ફરીયાદપક્ષે પોતાનો મૌખિક તેમજ લેખિત પુરાવો પુરો થયા બાદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપી સામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાના અનુસંધાનમાં આરોપીનું વિશેષ નિવેદન તેમના વિદ્વાન વકીલશ્રીની હાજરીમાં લેવામાં આવેલ છે. તેમાં આરોપીએ એવું જણાવેલ છે કે,તેમના ખેતરનો રસ્તો ખોટી રીતે બંધ કરતા મામલતદારશ્રીએ ખોલેલ છે. કાયદા પ્રમાણે ચાલતા તેઓને હેરાનગતિ થાય તે રીતે ફરીયાદીએ કાયદો હાથમાં લીધેલ છે. જે પેન ડ્રાઈવના રેકર્ડથી સ્પષ્ટ થાય છે. જે ક્રિમીનલ કેસ નં. ૯૩૬/૨૪ માં રજુ છે. આરોપી પોતાના બચાવમાં સોગંદ ઉપર કોઈ જુબાની આપવા માંગતા નથી કે કોઈ સાહેદોને પણ તપાસવા માંગતા નથી તેવું જણાવેલ છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૪(૧) મુજબ બચાવપક્ષે આ કેસમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૮) <u>**દલીલો**</u> **:–** <u>Cr.P.C Section.314</u>

**(૮.૧)** ફરીયાદપક્ષે વિ. એ.પી.પીશ્રી જી.એચ.આલની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી. જી.કે.પોપટ ની ભારપુર્વકની મૌખિક દલીલો તથા રજુઆતો સાભંળવામાં આવેલ છે અને તેઓની દલીલોની આ ચુકાદા સબંધીત ફકરાઓમાં ચર્ચા કરવામાં આવેલી છે તેથી અહીયાં અલગથી ચર્ચા કરેલ નથી.

(૯) આ કામે કેસના આખરી નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દ્દા ઓ</u> :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે,તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક:૯/૩૦ વાગ્યાના સુમારે પેછડાલ ગામની સીમમાં ફરીયાદી તેમના ખેતરમાં ગયેલ હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી નં.૧ ના ખેતરમાં જવાનો સ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે આ રસ્તો તમોએ કેમ ખોલેલ છે જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે મે. મામલદતર સાહેબશ્રીના હુકમ મુજબ આ રસ્તો ખોલાવેલ છે તેવું કહેતાં આ કામના ફરીયાદીએ કહેલ કે તમો નીકળી ગયા પછી ઝાંપો બંધકરી દેજો તેવું કહેતાં આરોપી નં. ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલવા લગતાં તેમજ આરોપી નં. ૧ નાએ બુમો પાડી આરોપી નં. ૨ થી ૪ ને બોલાવતાં આરોપી નં.૨ થી ૪ નાએ આવી ફરીયાદીને ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મારવા માટે સામા થતાં સાહેદ નવાબેન ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતાં તમામ આરોપીઓએ સાહેદ નાવાબેનને આડેધડ ગડદાપાટુનો માર

મારી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની જાસા ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાઅ મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**<u>મારા નિર્ણયો:</u>**

(૧) અંશત: હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના મારા કારણો:</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૧૧)** ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવામાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી અને નાસાબીતીની વ્યા–યા પર આધારીત છે.

**(૧૨)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય

છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરતું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

**(૧૩)** સાબીત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યીકત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય.

**(૧૪)** હાલના કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોઈ સદરહું કલમ અન્વયેના આવશ્યકત તત્વો મુજબનો ગુનો સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને તે સાબીત કરવા ફરીયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવો રજુ કરવો જોઇએ. તેવા સંજોગોમાં આરોપીઓએ ફરીયાદમાં જણાવેલી હકીકતની સાબીતીનો બોજો ફરીયાદપક્ષ પર છે.

**-: <u>કા ર ણો</u> :-**

**(૧૫)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવા કરવા સારું આંક-૧૭ થી ફરીયાદી નારણભાઈ કાનજીભાઈ ચૌધરીએ સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે,બનાવ આજથી આશરે એકાદ વર્ષ અગાઉ તેમના સેઢા વાળા ખેતર પેછડાલ મુકામે સવારના નવ વાગ્યાના સુમારે બનેલો. તેઓ

તથા તેમની માતા નાવાબેન સેઢાવાળા ખેતરે ગયેલા હતા અને આરોપી રામાભાઈ જોઈતાભાઈએ રસ્તો ખોલેલો જેથી તેઓએ કહેલ કે રસ્તો શા માટે ખોલેલ છે. જેથી આરોપી રામાભાઈએ કહેલ કે મામલતદાર સાહબનો હુકમ છે જેથી તેઓએ કહેલ કે મામલતદાર સાહેબનો હુકમ હોય તો વાખીને જવું અને વાખીને આવવું. જેથી ખેતરમાં ભજવાડ થાય નહી. જેથી  આરોપી રામાભાઈ તેઓને મા બેન સામે ભુંડી ગાળો બોલવા લાગેલા અને આરોપી રામાભાઈએ બુમો પાડીને આરોપીઓ શંકરભાઈ, મહાદેવભાઈ, રમેશભાઈને બોલાવેલ. આરોપીઓએ આવી તેમની મા અને તેમને ગડદાપાટુનો માર મારવા લાગેલ જેથી તેઓએ કુકવા કરતાં ભગવાનભાઈ તથા શાંતાબેન આવી ગયેલા અને તેઓને મારમાંથી છોડાવેલા. આરોપીઓ તે વખતે કહેતા હતા કે આજે તો આ લોકો આવી જવાથી તમોને જીવતા છોડીએ છીએ પરંતુ હવેથી જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા હતા. જે અંગેની તેઓએ ફરીયાદ આપેલી જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–૧૮ થી રજુ કરેલ છે.

આ ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી જણાવે છે કે એ વાત ખરી છે કે આરોપી રામાભાઈએ અમારી વિરુઘ્ધ રસ્તા બાબતે મામલતદારશ્રી, ડીસા નાઓને અરજી કરેલી. એ વાત ખરી છે કે તે અરજીના કામે મામલતદાર સાહેબે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલો. એ વાતની મને ખબર નથી કે સર્કલ સાહેબે આવીને રસ્તો ખુલ્લો કરેલો. એ વાત ખરી નથી કે સર્કલ સાહેબે રસ્તો ખુલ્લો કરાવતા અમે લોકો ઉશ્કેરાઈ ગયેલા. એ વાત ખરી છ કે અમે ખેતરે ગયેલા ત્યારે આશરે નવ સાડા નવનો ટાઈમ

થયેલો.એ વાત ખરી નથી કે રામાભાઈ અને તે લોકો ખેતરમાં રહે છે. એ વાત ખરી છે કે તે સમયે આરોપીઓ ત્યાં હાજર હતા. એ વાત ખરી છે કે તે સમયે મે આરોપીને કહેલ કે આ રસ્તો બંધ હતો તો કેમ ખોલેલ છે. એ વાત ખરી નથી કે તે સમયે રામાભાઈએ કહેલ કે આ રસ્તો અમારો કાયદેસરનો છે. જે તમોએ બંધ કરેલો જેથી અમોએ ડીસા મામલતદાર કોર્ટના હુકમ આધારે ખુલ્લો કરાવેલ છે. એ વાત ખરી નથી કે જેથી અમે બધા ઉશ્કેરાઈ ગયેલા અને રામાભાઈ તે લોકોને ગાળો બોલવા લાગેલા. એ વાતની મને ખબર નથી કે આ બનાવ અંગે રામાાભાઈએ વીડીયો રેકોડીંગ પણ કરેલું. એ વાત ખરી છે કે આરોપીઓએ અમારી ઉપર માર માર્યા અંગેની ફરીયાદ કરેલ છે. સાહેદ જણાવે છે કે અમને મારે છે.એ વાત ખરી છે કે આરોપીઓએ મારી તથા નવાબેન કાનજીભાઈ, શાંતાબેન, ભગવાનભાઈ ડામરાભાઈ સામે કેસ કરેલ છે. જે કેસ પણ રસ્તાએ આવવા જવાની તકરારનો છે. એ વાત ખરી નથી કે અમે રામાભાઈને ગંભીર ઈજાઓ કરેલી. જેથી રામાભાઈએ સારવાર કરાવવી પડેલી. એ વાત ખરી નથી કે આરોપીઓએ અમને કોઈ ગાળો બોલેલ નથી . એ વાત ખરી છે કે બનાવ પછી પણ હું મારા ખેતરમાં આવ જા કરું છું. એ વાત ખરી નથી કે આરોપીએ અમને કોઈ જાનથી મારી નાખવાનથી ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને અમે માર મારેલ હોય તેનાથી બચવા માટે પાછળથી ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૨૧ થી સાહેદ

ભગવાનભાઈ ડામરાભાઈ ચૌધરીએ સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે બનાવ આજથી આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે તેઓ અને તેમની પત્ની તેમના ખેતરમાં હતા તે દરમ્યાન સવારના સાડા નવ વાગ્યાના સુમારે તેમના શેઢાએ આવેલ નારણભાઈ કાનજીભાઈના ખેતર તરફથી બુમાબુમનો અવાજ થતાં તેઓ તથા તેમની પત્ની દોડીને ત્યાં ગયેલા તે વખતે આરોપીઓ નાવાબેન તથા તેમના પુત્ર નારણભાઈને ગડદાપાટુનો માર મારતા હતા જેથી તેઓએ જઈને છોડાવેલા અને આરોપીઓ ત્યાંથી જતા રહેલા તેમજ નાવાબેનને ઈજાઓ થયેલ હોય તેઓને ત્યાંથી ઉભા કરેલા.નારણભાઈને પુછતાં જણાવેલ કે મામલતદારશ્રીએ રસ્તો ખુલ્લો કરેલ અને જે રસ્તે આરોપીઓ ચાલતા હતા પરંતુ ઢોરઢાંખર ન આવે તે માટે ઝાંપો કે વાયર બંધ કરીને આવ જા કરવાનું કહેતાં તેમની સાથે જગડો કરી માર મારેલ તેવી હકીકત તેમને જણાવેલી. જે અંગેની ફરીયાદના અનુંધાને પોલીસે તેમનો જવાબ લીધેલો.

આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે પોલીસ પંચનામું કરવા આવેલી ત્યારે મારો જવાબ લીધેલો. પોલીસે બનાવના બે ત્રણ દિવસ પછી મારો જવાબ લીધેલો. પોલીસ બપોરની આસપાસ આવેલી. પોલીસ બનાવ જે જગ્યાએ બનેલો ત્યાં આવેલી ત્યારે પોલીસે મને બોલાવેલો. એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં નવાબેન પડી ગયેલા અને ઉભા કરેલા તથા ઝાંપો અને વાયર બંધ કરવાનું કહેતાં ઝઘડો થયેલો.તેવી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા સગા થાય છે. એ વાત ખરી છે કે આરોપી રામાભાઈએ

અમારી ઉપર ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે અમે તેમને માર મારેલ હોય જેથી ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા પરીવારના હોય સમર્થન કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. .

(૧૭)ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૨૨ થી સાહેદ નાવાબેન કાનજીભાઈ ચૌધરીએ સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે,બનાવ આજથી આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે તેમના ખેતરમાં રાયડો, રાજગરો અને અરેરંડાનું વાવેતર કરેલ હતું.તેમના ખેતરમાં ઢોર ન આવે તે માટે બનાવેલ વાયરો જોઈતાભાઈ અને રમેશભાઈએ તોડી દીધેલા. જેથી તેઓએ કહેલ કે વાયર વાખીને જાવો અને તેમનો રસ્તો ન હોવાછતાં પણ તેઓ ચાલતા હતા અને તેમને ગડદાપાટુનો માર મારેલો. જેથી તેઓએ કુકવા કરતાં તેમનો ભત્રીજો ભગાભાઈ તથા તેની પત્ની શાંતાબેને આવીને તેમને છોડાવેલા અને તેમનો દિકરો નારણ પણ છોડાવવા આવતાં આરોપી શંકરભાઈ ધર્માભાઈ અને મહાદેવભાઈ વીરાભાઈ આવેલા અને તેઓએ તેમના ઉપર ફરીયાદ કરેલી. બનાવની ફરીયાદ તેમના પુત્ર નારણભાઈએ આપેલી.

આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે રસ્તા બાબતે મામલતદાર સાહેબમાં કેસ થયેલો. એ વાત ખરી છે કે રસ્તાની બંને બાજુ વાડ કરેલી છે. એ વાત ખરી છે કે આ રસ્તો છેલ્લે આરોપીઓના ખેતરમાં જાય છે. એ વાત ખરી છે કે જો તારની વાડ ન હોય તો સીધું આરોપીઓના ખેતરમાં જવાય. એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ લીધેલો ન

થી. હાલ મને યાદ નથી કે સરતપાસમાં જણાવેલ વિગતો કે વાયરો તોડી નાખ્યા અને વાયરો બાંધી દેજો તેવી વિગત પલીસમાં લખાવેલ કે નહી. એ વાત ખરી છે કે આરોપીઓએ વીડીયો ઉતારેલો. એ વાત ખરી છે કે આરોપીઓએ પ્રથમ ફરીયાદ કરી તે બાદ અમે ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા પરીવારના હોય સમર્થન કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

(૧૮)ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૨૩ થી સાહેદ શાંતાબેન ભગવાનભાઈ હડીયાએ સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે, બનાવ આજથી આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે તેઓ તથા તેમના પતિ પેછડાલ મુકામે આવેલ તેમના ખેતરમાં હતા તે દરમ્યાન સવારના સાડા નવ વાગ્યાના સુમારે તેમના શેઢાએ આવેલ નારણભાઈ કાનજીભાઈના ખેતર તરફથી બુમાબુમ અવાજ થતાં તેઓ તથા તેમના પતિ દોડીને ત્યાં ગયેલા. તે વખતે આરોપીઓ નાવાબેન તથા તેમના પુત્ર નારણભાઈને માર મારતા હતા જેથી તેઓએ જઈને તેમને છોડાવેલા. જે અંગેની ફરીયાદના અનુસંધાને પોલીસે તેમનો જવાબ લીધેલો.

આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે આરોપીઓએ અમારી વિરુધ્ધ કેસ કરેલ છે. રસ્તા બાબતે મામલતદાર સાહેબમાં કેસ થયેલો કે કેમ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે નાવાબેન મારા સગા થાય છે. એ વાત ખરી છે કે આ રસ્તો મામલતદાર સાહેબે ખુલ્લો કરાવેલો. એ વાત ખરી છે કે આરોપીઓ આ રસ્તે આવતા જતા હતા. એ વાત ખરી

છે કે હોબાળો રસ્તા બાબતે થયેલો. એ વાતની મને ખબર નથી કે મારા પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે અમોએ નારણાભાઈએ આ ઝઘડા બાબતે પુછતાં તેઓએ અમને કહેલ કે અમોએ અમારા ખેતરમાંથી રામાભાઈ જોઈતાભાઈ ચૌધરીને તેના ખેતરમાં જવાનો રસ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી અમોએ રામાભાઈ જોઈતાભાઈ ચૌધરીને કહેલ કે આ રસ્તો અમારા ખેતરમાંથી ના જતો હોય જેથી અમોએ બંધ કરેલ હતો અને તમોએ આ રસ્તો કેમ ખોલેલ છે. એ વાત ખરી નથી કે અમે બધાએ ભેગા થઈને આરોપીઓન માર મારેલો. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા પરીવારના હોય સમર્થન કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુછું.

(૧૯)ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૨૬ થી પંચ સાહેદ જોયતાભાઈ ચેહરાભાઈ ચૌધરીએ સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે,આજથી આશરે એકાદ વર્ષ અગાઉ પોલીસે તેમને તેમની બાજુમાં આવેલ નારણભાઈ કાનજીભાઈના ખેતરે બપોરે બાર એક વાગ્યાના સુમારે પંચમાં રહેવા બોલાવેલ તે વખતે પોલીસ ે તેમને ગુનાવાળી જગ્યા બતાવેલી ગુનાવાળી જગ્યાએથી પુર્વ પશ્ચિમ દીશા તરફ નારણભાઈ કાનજીભાઈનું ખેતર આવેલ છે. ઉત્તર દિશાની બંને તરફ ખેતરો આવેલ છે. દક્ષિણે હરજીભાઈ રણછોડભાઈનું ખેતર આવેલ છે અને જેમાંથી નારણભાઈ કાનજીભાઈ તરફ રસ્તો પસાર થાય છે. તે વખતે તેમની સાથે વાસ્તાભાઈ કાનજીભાઈ પંચનામાની કાર્યવાહીમાં અડધો કલાક રોકાયેલા. પોલીસે પંચનામાની કાર્યવાહી તેઓને પુછીને તેમનો લખાવ્યા મુજબ લખેલ. ત્યારબાદ સહી કરવાનું

કહેતાં તેઓએ તથા તેમની સાથેના વાસ્તાભાઈએ સહી કરેલી. જે સહી તેઓ ઓળખી બતાવે છે. જે ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૨૭ થી રજુ કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે  રામાભાઈ મારા કોઈ સગા થતાં નથી. તે અમારા સમાજના છે. એ વાત ખરી છે કે પોલીસે મારી હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે પંચનામું લખેલું. સાહેદ જણાવે છે કે મારી હાજરીમાં થયેલું. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાની ચતુરદીશાની મને જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે આજરોજ હું ફરીયાદી સાથે આવેલો. એ વાત ખરી નથી કે ફરીયાદીને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છું.

વધુમાં આંક–૨૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના બીજા પંચ સાહેદ વાહતાભાઈ કાનજીભાઈ પટેલનો આંક–૨૫ થી મરણનો દાખલો રજુ થયેલ હોય અને તેઓ મરણ ગયેલ હોય તેઓને આ કામે તપાસી શકાયેલ નથી.

(૨૦) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૩૭ થી સાહેદ તપાસ કરનાર અમલદાર રવજીભાઈ રુપસીભાઈ ભટ્ટે સોગંદ ઉપર એવો પુરાવો રજુ કરેલ છે કે,સને ૨૦૨૩ ની સાલમાં તેઓ આગથળા પો.સ્ટે.માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ અને જરુરી પંચનામા કરી મુદ્દામાલ કબજે કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ

અને તપાસના અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા જણાતાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે.

આ ત.ક.અમલદારની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે આ કામના આરોપીઓના આવવા જવાના રસ્તામાં ગુનાવાળી જગ્યા આવેલી છે. એ વાત ખરી છે કે આ કામના આરોપીપક્ષે સૌથી પહેલાં આ કામના ફરીયાદપક્ષ ઉપર ફરીયાદ આપેલી. તેમાં જે આરોપીઓની ફરીયાદમાં આ ફરીયાદપક્ષના લોકોએ તેમનો રસ્તો મામલતદારે ખોલ્યો હોવાછતાં રોકવાનો પ્રયાસ કરાયો તેથી બનાવ બનેલો. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદપક્ષને આરોપીઓએ કોઈ ઈજા કરેલ હોય તે બાબતનું કોઈ મેડીકલ એવીડન્સ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીપક્ષે કોઈને ઈજા થયેલ હોય કે સારવાર કરવોલ હોય તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે સાહેદ શાંતાબેને તેમની સમક્ષના નિવેદનમાં જણાવેલ છે કે અમોએ નારણભાઈએ આ ઝઘડા બાબતે પુછતાં તેઓએ અમને કહેલ કે અમોએ અમારા ખેતરમાંથી રામાભાઈ જોયતાભાઈ ચૌધરીને તેના ખેતરમાં જવાબનો રસ્તો બંધ કરેલો હોઈ જે રસ્તો ખુલ્લો હોઈ જેથી અમોએ રામાભાઈ જયતાભાઈ ચૌધરીને કહેલ કે આ રસ્તો અમારા ખેતરમાંથી ના જતો હોય જેથી અમોએ બંધ કરેલહતો અને તમોએ આ રસ્તો કેમખોલેલ છે. એ વાત ખરી છે કેમે નવાબેનનુ નિવેદન લીધેલું. એ વાત ખરી છે કે નવાબેને તેના નિવેદનમાં વાયરો તોડી નાખ્યા અને વાયરો બાંધી દેજો તેવી વિગત પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે જે કંઈ તકરાર હતી તે મામલતદાર સાહેબે રસ્તો ખુલ્યો

અને આરોપીપક્ષ ત્યાંથી ચાલ્યો અને ઝઘડો થયેલ. એ વાત ખરી છે. મારી તપાસમાં આરોપી રામાભાઈ જોયતાભાઈ ચૌધરીને ઈજાઓ થયેલી તે હકીકત ખુલેલી.

## // **તા ર ણો** //

**(૨૧)** બંને પક્ષકારોની રજુઆતો સાથે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહીમા પુરાવાના મુલ્યાંકન અંગે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાની હકીકતો નિ:શંકપણે પુરવાર કરવી પડે. એટલે કે ફરીયાદ પક્ષના પુરાવાથી સ્ પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની હોતી નથી. પરંતુ જો ફરીયાદ પક્ષના એકપણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે. અને જો ફરીયાદ પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ છે.

**(૨૨)** ઉપરોકત કાયદાકીય સ્થીતી સાથે જોઈએ તો હાલના કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક:૯/૩૦

વાગ્યાના સુમારે પેછડાલ ગામની સીમમાં ફરીયાદી તેમના ખેતરમાં ગયેલ હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી નં.૧ ના ખેતરમાં જવાનો સ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે આ રસ્તો તમોએ કેમ ખોલેલ છે જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે મે. મામલદતર સાહેબશ્રીના હુકમ મુજબ આ રસ્તો ખોલાવેલ છે તેવું કહેતાં આ કામના ફરીયાદીએ કહેલ કે તમો નીકળી ગયા પછી ઝાંપો બંધકરી દેજો તેવું કહેતાં આરોપી નં. ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલવા લગતાં તેમજ આરોપી નં. ૧ નાએ બુમો પાડી આરોપી નં. ૨ થી ૪ ને બોલાવતાં આરોપી નં.૨ થી ૪ નાએ આવી ફરીયાદીને ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મારવા માટે સામા થતાં સાહેદ નવાબેન ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતાં તમામ આરોપીઓએ સાહેદ નાવાબેનને આડેધડ ગડદાપાટુનો માર મારી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની જાસા ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાઅ મદદગારી કર્યા અંગેના આરોપીઓ વિરૂધ્ધ આરોપો છે.

(૨૩) ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં એકમાત્ર આંક–૨૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ કરવામા આવેલ છે. જેમાં પંચ સાહેદ તરીકે જોયતાભાઈ ચેહરાભાઈ ચૌધરીને આંક–૨૬ થી તપાસવામા આવેલા છે.જયારે બીજા પંચ વાહતાભાઈ કાનજીભાઈ પટેલનું આંક–૨૫ થી મરણનો દાખલો રજુ થયેલ હોય તેઓ મરણ ગયેલ હોય તપાસી શકાયેલ નથી.

ઉપરોકત  પંચનામાના પંચ સાહેદે મહદ અંશે ફરીયાદ પક્ષને સમર્થન કરેલ છે તથા થોડા ઘણા અંશે સમર્થન કરેલ નથી. પરંતુ ત્યારબાદ પણ આ પંચ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચ સાહેદે અમુક અંશે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે તેવો પુરાવો આપેલ છે. પંચોના પુરાવાના સંદર્ભે જોઈએ તો નામદાર ગુજરાત હાઈકોર્ટે અલગ અલગ ચુકાદાઓમા નીચે મુજબના સિધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

1. 1997 (3) GLR 1956

STATE OF GUJARAT VS.BRAHMIN BABULAL HARIBHAI

(A) CRIMINAL PROCEDURE CODE, 1973 (II OF 1974)- Sec. 100(4) - Arms Act, 1959 (LIV of 1959)- Sec. 25(1-B) Bombay Police Act, 1951 (XXII of 1951)- Sec.135 - Panchnama- Panch witness- Recovery of pistol from the accused- Magistrate acquitting the accused on the ground that panchas had not supported the recovery panchnama- Approach deprecated- Order of conviction passed relying on evidence of Police Officers.

2. 1994 (1) GLR 279

STATE OF GUJARAT VS. IBRAHIM SALU KOLI.

(A) CRIMINAL PROCEDURE CODE, 1973 (II OF 1974)- Sec.378 - Acquittal appeal- No law provides that merely because the Panchas do not support the prosecution the evidence of the Police Officer should be automatically discarded- Corroboration by other witnesses is of course one of

the important mode but there is yet another not less important mode ot corroboration and that is by way of some intrinsic circumstantial evidence available on the record- If the police takes genuine interest and investigates the offence thoroughly, there is nothing wrong on accepting same the evidence of police officer- In case if the police is out to falsely implicate the citizens its evidence should be discarded, but this must be made clear from the cross-examination and the attending circumstances- The evidence of police cannot therefore be thrown away affixing the label of interested witnesses- The necessity of Panchas and Panchnama is for the purpose of necessary corroboration to satisfy the judicial conscience- Panchas may have their own reasons not to support the prosecution case but the Courts should adopt pragmatic approach and if the Police Officer is found to be quite dependable then his evidence should not be discarded- The role of the Courts explained in cases where the Panchas do not support the prosecution case, while imposing sentence mercy cannot be extended in the manner which ultimately blunts out the impact of conviction and the deterrent object of the penology.

3. 1988 (2) GLR 1057
MER VAJA MERAMAN VS. STATE OF GUJARAT

(A) CRIMINAL TRIAL- Practice and Procedure- Panchnama is not a substantive piece of evidence- Can be used only for the purpose of corroboration- Care to be taken by the Public Prosecutor and the Judge for proving a panchnama.

આમ નામ.ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધાંતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે પંચ સાહેદોના પુરાવા તથા પંચનામા સમર્થનકારી પુરાવા એટલે કે **કોરોબરેટીવ પીસ ઓફ એવીડન્સ** છે. અને તેથી એમ કહી શકાય કે માત્ર પંચ સાહેદો જો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા હોય તો તેટલા માત્રથી ફરીયાદપક્ષનો કેસ સાબીત થઈ જતો નથી કે જો પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય તો તેટલા માત્રથી ફરીયાદપક્ષનો કેસ માર્યો જતો નથી. આવા સંજોગોમા અત્રેની કોર્ટે ''**સબસ્ટાન્સીવ એવીડન્સ**'' ના પુરાવાનુ વિશ્લેષણ કરવાનુ રહે છે અને તેના આધારે આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ છે કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે.

**(૨૪)** બનાવની હકીકતોમાં સબસ્ટેન્ટીવ એવીડન્સ કહી શકાય તેવાં નજરે જોનાર અને બનાવ વખતે હાજર સાહેદો ધ્યાને લઈએ તો હાલના કામે ફરીયાદ પક્ષે ફરીયાદીને કે જેઓ ઈજા પામનાર સાહેદ પણ છે તેમને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે. તે સિવાય બનાવ નજરે જોનાર સાહેદોમાં સાહેદ  ભગવાનભાઈ ડામરાભાઈ ચૌધરીને આંક–૨૧ થી તથા સાહેદ નાવાબેન કાનજીભાઈ ચૌધરીને આંક–૨૨ થી તથા  સાહેદ શાંતાબેન ભગવાનભાઈ હડીયાને આંક–૨૩ થ તપાસવામાં આવેલ છે. જેઓ ફરીયાદીના કુટુંબી થાય છે અને તેમણે ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે. તે  સિવાય બનાવ નજરે જોનાર અન્ય કોઈ સાહેદોના પુરાવા રજુ

કરેલ નથી. આમ, નજરે જોનાર સાહેદોમાં કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવા હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ નથી આવા સંજોગોમાં સગા વ્યકિતઓના પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે તેઓના પુરાવાની કેટલું મહત્વ આપવું તે અંગે બચાવપક્ષ તર્ફે એવી રજુઆત કરવામાં આવી છે કે, હાલના કામે સ્વતંત્ર પુરાવો મળી આવવાની શકયતા હોવાં છતાં ફરીયાદપક્ષે રજુ કરેલ ન હોય તથા સગી વ્યકિતઓના પુરાવા '**ઈન્ટ્રેસ્ટેડ વીટનેસ** ' ના પુરાવા હોય તેઓના પુરાવા માનવા લાયક ન હોય તેનાં આધારે કોઈ નિર્ણય થવો ન જોઈએ જયારે ફરીયાદ પક્ષ તર્ફે એ.પી.પી.શ્રી એ તેવી રજુઆત કરેલ છે કે, સગા સબંધીના પુરાવા માત્ર એટલા માટે અવિશ્વાસનીય થઈ જતાં નથી કે તેઓ સગાસબંધી છે અને જેથી આ સંદર્ભે બચાવ પક્ષની રજુઆત ટકવાપાત્ર નથી.

(૨૫) બંને પક્ષકારોની સદર રજુઆત અંગે જોઈએ તો ***નામ. સુપ્રીમ કોર્ટે શ્યામબાબુ વિ. સ્ટેટ ઓફ યુ.પી. ના કિસ્સામાં કે જે ૨૦૧૨ ક્રીમીનલ લો જરનલના પાના નં.૪૫૫૦*** ઉપર પ્રસિધ્ધ થયેલ છે.તેમાં નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

(B) Evidence Act (1 of 1872) , S.3 - EYE WITNESS - Related eye-witness- Testimony -Not to be discarded merely on account of relationship.

Where the presence of the eye-witness is proved to be natural and their statements are nothing but truthful disclousure of actual facts leading to the occurrence, it will not be permissible

for the court to discard the statement of such related or friendly witnesses. There is no bar in law on examining family members or any other person as witnesses. In fact, in cases involving family members of both sides, it is a member of the family or a friend who comes to rescue the injured. If the statement of witnesses, who are relatives or known to the parties affected is credible, reliable, trustworthy and corroborated by other witnesses, there would hardly be any reason for the Court to reject such evidence merely on the ground that the witness was a family member or an interested witness or a person known to the affected party or friend etc.

નામ. સુપ્રીમ કોર્ટ પ્રસ્થાપીત કરેલ ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને લેતાં સ્પષ્ટ છે કે સાહેદો સગા–સબંધી છે. માત્ર તેટલા કારણસર તેઓના પુરાવાને ડીસ્કાર્ડ કરી શકાય નહીં કે માત્ર તે કારણસર તેઓના પુરાવા અવિશ્વસનીય થઈ જતાં નથી અને તેથી બચાવ પક્ષની સદર રજુઆત ટકવાપાત્ર રહેતી નથી.

**(૨૬)** વધુમાં જોઈએ તો બચાવ પક્ષ તર્ફે એક રજુઆત એવી કરવામાં આવેલ છે કે આ કામના ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી ઝઘડો ચાલતો હોય અને તેથી ઝઘડાની અદાવત રાખીને ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અને તેથી આ સાહેદોના પુરાવા શંકાસ્પદ બને છે અને તેનાં આધારે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર થતો નથી. જયારે ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એ એવી રજુઆત કરેલ છે કે આવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી તેમ છતાં દલીલ

ખાતર માની લેવામાં આવે તો પણ અગાઉ જે ઝઘડો થયેલાની હકીકત છે. તે જ હકીકત હાલના બનાવ પાછળના આરોપીઓનો '**મોટીવ**' તથા કારણ સાબિત કરે છે.

આ સંદર્ભે જોઈએ તો અગાઉની અદાવત બેધારી હથિયાર જેવી હોય છે અને તે બનાવ પાછળનો 'મોટીવ' હોઈ શકે અથવા તો કોઈને ખોટી રીતે ગુના સાથે સંડોવવા માટેનું કારણ પણ હોઈ શકે. તેવા સિધ્ધાંતો ***નામ. સુપ્રીમ કોર્ટ મહારાષ્ટ્ર રાજય વિરુધ્ધ તુલસીરામ ભાનેદાસ કાંબલેનાં કિસ્સામાં કે જે ૨૦૦૭ ક્રિ.લો.જરનલ પાના નં. ૪૩૧૯*** ઉપર પ્ર સિધ્ધ થયેલ છે. તેમાં નીચે મુજબના શબ્દોમાં પ્રસ્થાપિત કરેલ છે.

33. As regards enmity, it is well known that enmity is a double edged weapon. It can be a ground for false implication, but it can also be a ground for correct implication.

આમ, ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ માત્ર એટલા માટે કે ફરીયાદીના કુટુંબ તથા આરોપીઓ વચ્ચે અગાઉ દુશ્મનાવટ રહેલ છે. તેટલા માત્રથી આ સાહેદોના પુરાવા '**ડીસ્કાર્ડ**' કરી શકાય નહીં. પરંતુ, તેઓનાં પુરાવાનું કાળજીપુર્વક વિશ્લેષણ કરવું જોઈએ તેમ માનું છું.

**(૨૭)**વધુમાં બચાવ પક્ષે એવી રજુઆત કરેલ છે કે, ખેતરની આજુબાજુમાં તથા ખેતરોમાં કામ કરનાર માણસોના પુરાવો લેવામાં આવેલ નથી તેવી દલીલ રજુ કરેલ છે નામ.સુપ્રીમ કોર્ટે ઠેરવેલ છે કે, પુરાવાનું

મુલ્યાંકન કરતી વખતે પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ **Quantity of Evidence** કવોન્ટીટી ઓફ ઈવીડન્સ નહી પરંતુ **Quality of Evidence** કવોલીટી ઓફ ઈવીડેન્સ પર ભાર મુકવો જોઈએ. **નામ. સુપ્રીમ કોર્ટ બીપીનકુમાર મોદલ (ઉપરોકત) ના જજમેન્ટમાં ઠરાવેલ મુજબ.....**

25. In Sunil Kumar Vs. State Govt. of NCT of Delhi, 10 (2003) 11 SCC 367, this Court repelled a similar submission observing that as a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. There is no legal impediment in convicting a person on the sole testimony of a single witness. That is the logic of Section 134 of the Evidence Act, 1872. But if there are doubts about the testimony the courts will insist on corroboration. In fact, it is not the number, the quantity, but the quality that is material. The time- honoured principle is that evidence has to be weighted and not counted. The test is whether the evidence has a ring of truth, is cogent, credible and trustworthy or otherwise.

આથી ઉપરોકત જજમેન્ટના રેશીયો ઠરાવેલ સિધ્ધાંત મુજબ પુરાવાનો જથ્થો નહીં પણ ગુણવતાનો ભાર મુકવા જણાવેલ છે. જે હાલના કેસમાં લાગુ પાડતા ફરીયાદી નારણભાઈ કાનજીભાઈ ચૌધરી તથા સાહેદો ભગવાનભાઈ ડામરાભાઈ ચૌધરી,નાવાબેન કાનજીભાઈ ચૌધરી તથા શંતાબેન ભગવાનભાઈ હડીયાનો પુરાવો ક્ષતિરહીત, શંકામુકત, નકકર, મજબુત, માનવાલાયક તથા અત્યંત વિશ્વાસનીય છે જેથી બચાવ પક્ષની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ

નથી.

(૨૮) વધુમાં બચાવ પક્ષની દલીલ છે કે, સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ જોવાં મળે છે, પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટની જોવાની ફરજ છે. ***૧૯૯૯ (૩) જી.એલ.આર. ૨૬૬૫ ABHUBHAI FATEHBHAI VS. STATE OF GUJARAT*** ના ચુકાદામાં નામ. વડી અદાલતે નોંધેલ કે કોર્ટ સમક્ષ જ્યારે સાક્ષીનો પુરાવો આપતા હોય ત્યારે સ્વાભાવીક છે કે આવા પુરાવામાં લાંબા સમય પછી સામાન્ય વિરોધાભાસ આવવા સંભવ છે અને તેથી કોર્ટ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે માત્ર એટલું જ જોવાનું છે કે જે મુજબ ફરીયાદ પક્ષનો મુખ્ય કેસ છે તેને સમર્થન મળે છે કે કેમ અને તે ફરીયાદ પક્ષના કેસની મુખ્ય હકીકતને મુખ્ય વાર્તાને સમર્થન આપતો હોય ત્યારે સ્વાભાવિક છે કે આવા પુરાવામાં લાંબા સમય પછી સામાન્ય વિરોધાભાસ આવવા સંભવ છે અને તેથી કોર્ટ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે માત્ર એટલું જ જોવાનું છે કે જે મુજબ ફરીયાદ પક્ષને મુખ્ય કેસ છે તેને સમર્થન મળે છે કે કેમ? અને તે રીતે ફરીયાદ પક્ષનાં કેસની મુખ્ય હકીકતને મુખ્ય વાર્તાને સમર્થન આપતો હોય ત્યારે સામાન્ય વિરોધાભાસ લક્ષમાં લેવો જોઈએ નહીં.

તેજ રીતે ***૧૯૯૮ (૧) એસ.સી.સી. ૫૦૯ BAITULLAH VS. STATE OF UTTAR PRADESH*** નાં ચુકાદામાં નામ. અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરતાં નોંધેલ છે કે કોઈ સાક્ષી માત્ર રસ ધરાવતો સાહેદ છે તેટલા માત્ર કારણ થી તેવા સાહેદ નો પુરાવો ફેંકી

દઈ શકાય નહી. તે ચુકાદામાં ***નામ.સર્વોચ્ચ અદાલતે*** નોંધેલ છે કે સામાન્ય રીતે ***ઈજા પામનાર કયારેય પણ સાચા તહોમતદારોને જવા દે નહીં.*** જે ચુકાદામાં નામ. વડી અદાલતનાં અવલોકન ને સમર્થન આપતા પેરા ૧૫ માં જણાવેલ છે કે

"The High Court rightly observed that even if it is assumed that the witness were interested, their evidence could not be discarded on that ground alone as they would be the last persons to implicate the accused persons falsely permitting the real culprits to go scot free."

તેજ રીતે ***નામ. સર્વોચ્ચ ન્યાયાલયે એ.આઈ.આર. ૧૯૮૫ સુ કો પાના ૪૮ STATE OF UTTAR PRADESH VS. M K ANTHONY*** ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે કોર્ટ સમક્ષ આવતા સાક્ષીઓનાં પુરાવાનું મુલ્યાંકન કરતાં નોંધેલ છે કે પ્રમાણીક અને સત્ય બોલતો સાક્ષી પણ કયારેક કોર્ટ સમક્ષ જે મુજબ બનાવ બનેલ હોય તે મુજબ **શબ્દશ: હકીકત જણાવી શકે નહી,** કારણ કે દરે ક **વ્યકિતની ઓબ્ઝર્વેશન, યાદ રાખવાની શકિત અલગ હોય છે.** તે ચુકાદાના પેરા ૧૦ માં નામ. સર્વોચ્ચ ન્યાયાલયે નોંધેલ છે કે કોઈ સાહેદનાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે માત્ર એકાદ વાકય પર આધાર રાખવાનો નથી. પરંતુ સાક્ષીનો પુરાવો એક સાથે વંચાણે લઈ નકકી કરવાનું છે કે તેવા સાહેદનાં પુરાવાથી સત્ય બહાર આવે છે કે કેમ? અને આવા સાક્ષીના પુરાવાનું મુલ્યાંકન કરતી

વખતે કોર્ટે **સાક્ષીના પુરાવામાં આવેલ ઉણપ કરાર, ખામી ક્ષતી ત્રુટી, નબળાઈ શોધવાનો પ્રયત્ન કરવાનો નથી.** જેમાં પેરા ૧૦ માં નોંધેલ છે કે

"While a appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the court to scrutinise the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper-technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole. If the court before whom the witness gives evidence had the opportunity to from the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details. Even honest and truthful witnesses may differ in some details unrelated to the

main incident because 515 power of observation, retention and reproduction differ with individuals. Cross-examination is an uneual duel between a rustic and refined lawyer."

(૨૯) ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપીત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોંગધ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહીતી મુજબ સાચુ બોલતા હોય છે. સિવાય કે તેનાથી વિરુધ્ધનું સાબીત થાય. જયાં સુધી એવી હકીકત સાબીત કરવામાં ન આવે કે સાહેદ ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદ પક્ષ દ્રારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી. કારણ કે દરેક કેસની હકીકતો ભિન્ન ભિન્ન હોય છે.

***નામ. સર્વોચ્ચ અદાલત [ 2000 SCC Part 1 pg 247 ક્રીમીનલ સ્ટેટ ઓફ એચપી વિ. લેખ રાજના*** ચુકાદામાં ઠરાવેલ મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતી, તમામ પરીબળો તેમજ ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં **વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદ પક્ષના કેસ ને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે.** કારણ કે કયારેક આવી **વિસંગતતા, વિરોધા ભાસ** અગર તો **અતિરેક**ના સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓ ઉપર

અવિશ્વાસ કરી ના બેસે. વળી **MINOR DISCREPANCY** થી ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો રદ કરવા પાત્ર કે અવિશ્વાસુ થઈ જાય નહીં. **નામ.સુપ્રીમ કોર્ટે DISCREPANCY & CONTRADICTION** ના તફાવત પર ભાર મુકેલ છે. નામ. સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલ જુબાની કઈ પરિસ્થિતીમાં આપેલ છે કઈ પરિસ્થિતીમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતી,સાહેદનું જ્ઞાન,બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

(૩૦) વધુમા બચાવ પક્ષે એવો બચાવ લીધેલ છે કે, આ કામે ઈજા પામનારને આરોપીઓ ધ્વારા કોઈ ઈજા પહોંચાડવામાં આવેલ હોય તે અંગે કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ નથી. વધુમાં દર્દીને કયા હથિયારથી ઈજા કરવામાં આવેલી તેવી હકીકત દર્શાવેલ નથી. પરંતુ બચાવ પક્ષ ફરીયાદીને ઈજા કોઈ બીજા કારણે થઈ હોય તેવું લાવી શકેલ નથી તેથી આ દલીલ ટકવાપાત્ર રહેતી નથી. આ કામે આરોપી પક્ષે દલીલ વખતે આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલા મૌખિક પુરાવાઓની જુબાનીઓમાંથી પોતાની તરફેણમાં કોઈ એક કે બે ભાગ વાંચીને તેનો લાભ લેવાનો પ્રયત્ન કરેલો છે. પરંતુ પુરાવાને કકડાઓમાં વાંચી શકાય નહીં. તેને સમગ્ર રીતે વાંચવા

જોઈએ અને ત્યારબાદ તેની તુલના અને મુલવણી કરવી જોઈએ. બચાવ પક્ષ જુબાની ઉપરથી ગમે ત્યાંથી કોઈ એક કે બે ભાગ વાંચી તેનો લાભ લઈ શકે નહીં તેવું ***નામ.ગુજરાત હાઈકોર્ટ ના માન. ન્યાયમૂર્તિશ્રીઓ જે. એમ. પં ચ ાલ તથા એ ચ.એ ચ. મહે તા સાહેબોએ વહાજી રાવજી ઠાકોર વિ.ગુજરાત સરકાર*** ના કેસમાં ઠરાવેલું છે. તે ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપી પોતાના લાભમાં જુબાની ઉપરથી કોઈ એક કે બે ભાગનો ઉપયોગ કરી શકે નહીં. પરંતુ તે માટે નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોવામાં આવે તો***, 2003(3) G.L.H.283 J.M.PANCHALAND H.H.MEHTA, JJ. Vahaji Ravaji Thakore and another Versus State of Gujarat*** નો ઉલ્લેખ કરવો ઉચિત જણાય છે જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે ઠરાવેલ છે ક[ Appreciation Of evidence **Evidence cannot be read in piecemeal** It is required to be read as a whole and thereafter it is required to be weighed and appraised Defence cannot take advantage of reading some one or two portions here and there from the deposition.

(૩૧) હવે હાલના કામે કાયદા સાથે પુરાવાકીય વિશ્લેષણ કરીએ તો આ કામના આરોપીઓ વિરુધ્ધ વ્યથા/મહાવ્યથા પહોચાડવાનો તથા ગાળો બોલવા તથા ધમકી આપવા અંગેના આરોપ છે. આ કામે આરોપીઓએ ફરીયાદીને સ્વૈચ્છાપુર્વક વ્યથા/મહાવ્યથા પહોચાડવા અંગે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લઈએ આંક –૧૭ થી ફરીયાદી નારણભાઈ કાનજીભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં

જણાવે છે કે, આરોપીઓએ તેઓને મા બેન સામે ભુંડી ગાળો બોલેલ અને તેમને તથા તેમની માતાને ગડદાપાટુનો માર મારેલ ેથી તેઓએ બુમાબુમ કરતાં ભગવાનભાઈ તથા શાંતાબેન આવી ગયેલા અને તેઓને મારમાંથી છોડાવેલા અને આરોપીઓએ તે વખતે કહેલ કે આજે તો ભગવાનભાઈ તથા શાંતાબેન આવી જવાથી તમોને જીવતા છોડીએ છીએ પરંતુ હવેથી જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપેલ જેથી તેઓએ આ બનાવની ફરીયાદ આપેલી.

(૩૨) પરંતુ આ કામે ફરીયાદીની જુબાની વિશ્વસનીય હોવાથી તેનાં સાહેદો સબંધી હોવાના કારણે તેને અસર કરતી નથી. જયારે સાહેદોની વિશ્વસનીયતાને તેઓ સબંધી હોવાના કારણે અસર કરશે નહીં તેવું **નામ. સુપ્રીમ કોર્ટ નાં ન્યાયમૂર્તિશ્રીઓ ડો.અરીજીત પસાયત અને સદાશિવમ સાહેબ [ 2007(4), Crimes, PageNo.271 ઉપર ગલી વેન્કટૈયાહ વિ. આંધ્રપ્રદેશ સરકાર**ના કેસમાં ઠરાવેલું છે. આ કામે સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નથી જેથી ફોજદારી બાબત શંકાને સ્થાન નથી. સ્વતંત્ર સાક્ષીઓ કયારેય આગળ આવતાં નથી અને તેથી ફોજદારી કાર્યવાહીઓ તેનાં સબંધીઓ વિગેરેના પુરાવા ઉપર આધાર રાખવો પડે છે તેવું **નામ. સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયમૂર્તિશ્રી હરજીતસિં ઘ બેદી અને સી.કે . પ્રસાદ સાહેબે 2010(3), G.L.R., Page No.1912 ઉપર દીપે શ બાલચંદ્ર પં ચ ાલ વિ. ગુ જ રાત સરકાર**ના કેસમાં ઠરાવેલું છે.

તેવી જ રીતે **નામ. સર્વોચ્ચ અદાલતે ૧૯૮૮(૨)**

**જી.એલ.આર.૮૨૩ APPABHAI VS STATE OF GUJARAT** નાં ચુકાદામાં નોંધેલ છે કે સમાજમાં આજે લોકો તેમની હાજરીમાં કોઈ ગુનાહીત કૃત્ય બને તો પોતાની જાતને તેનાથી દુર રાખે છે. અને સાક્ષી બનતા નથી. આ માટે ઘણાં કારણો છે. અને તે મુજબ સાક્ષી તરીકે પોતાની સલામતી નથી તેમજ કોર્ટમાં વારંવાર જવું પડે છે, પોલીસ હેરાન કરે છે. તેવા બધા કારણોસર સમાજનાં સિવિલાઈઝ લોકો પણ બનાવ નજરે જોયેલ હોય તેમ છતાં સાક્ષી બનતાં નથી. અને કોર્ટ તેથી જ મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે આ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ. તે ચુકાદાનાં પેરા ૧૧ માં દર્શાવેલ છે કે...

" Civilized people are generally insensitive when a crime is committed even in there presence. They withdraw both from the victim and the vigilance. They keep themselves away from the court unless it is inevitable. They think that crime like civil dispute is between two individuals or parties and they should not inviolve themselves. This kind of pathy of the gereral public is indeed unfortunate. But it is there everywhere whether in village life, townor cities. One cannot ignore this handicap with which the investigating agency has to discharge these duties. The court therefore instead of doubting the prosecution case for want of independent witness must consider the spectrum or the prosecution version and then search for the nugget of the truth with due regard to probability if any, suggested by the accused. The Court however, must bear in mind that witness to a serious crime may not react in a normal manner. Nor do they react uniformly. The horror stricken witness at a dastardly crime or an act of egregrious nature may

react differently. Their, Course of conduct may not be of ordinary type in the normal circumstances. The court, therefore, cannot reject their evidence merely because they have behaved or reacted in an unusal manner."

તે જ રીતે **એ.આઈ.આર. ૨૦૦૦ સુ કો ૭૧૮ AMBIKA PRASAD VS STATE DELHI ADMINISTRATION DELHI** ના ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે સમાજમાં ક્રાઈમ જે રીતે વધી રહેલ છે અને જે રીતે આરોપી શંકાનો લાભ મેળવી છટકી જાય છે તે અંગે નોધંલ છે કે સ્વતંત્ર સાહેદો સાક્ષી બનવાનું ટાળે છે, અન્વેષણ અધિકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે એ પણ ધ્યાને લેવું જોઈએ કે જજની ખુરશીમાં બેસી જજે માત્ર એટલું જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન જાય, પરંતુ કોર્ટની એ પણ ફરજ બની રહે છે કે સાચો તહોમતદાર છટકી ન જાય. જે ચુકાદાના પેરા ૧૦ માં નોંધેલ છે કે...

"Further, it is to be borne in mind that a criminal trial is meant for doing justice to the accused, the victim and the society so that law and order is maintained. Hence, as observed by this Court in State of UP Vs Anil singh it is necessary to remember that a Judge does not preside over a Criminal Trial merely to see that no innocent man is punished. A judge also presided to see that a guilty man does not escape. One is an important as the other. Both are public duties which the Judge

has to perform."

(૩૩) વધુમાં બચાવ પક્ષે ફરીયાદીને **ઓળખ** અંગે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી કે તેનું ડીનાયલ પણ લેવામાં આવેલ નથી તેમજ તેઓએ આરોપીઓને જે કોર્ટ સમક્ષ હાજર છે તેમને ઓળખી બતાવેલ છે અને બીજા આરોપીઓ જે ગેરહાજર છે તેનાં અંગે બચાવપક્ષે કોઈ વાંધો તકરાર લીધેલ નથી. જે અંતર્ગત **ડોક આઈડેન્ટીફીકેશન**થી સાબિત હોય આરોપીની ઓળખ થયેલ હોવાનું જણાય આવે છે. વળી નામજોગ ફરીયાદ હોય ઓળખની સવિશેષ તકરાર નથી. વધુમાં આરોપીઓ અને ભોગબનનાર એક જ જ્ઞાતિના હોવાથી અને તે સબંધે ઓળખની તકરાર નીપજે તેવું જણાય આવતું નથી.

વધુમાં જોઈએ તો આ કામે તપાસ કરવામાં આવેલ સાક્ષીઓના પુરાવામાં કોઈ મહત્વના વિરોધાભાસ રેકર્ડ પર આવેલ નથી કે જેનાથી આ સાહેદોના પુરાવા ઉપર શંકા ઉભી થાય વાતચીતના સંદર્ભે જે કાઈ જુબાનીમાં તફાવત આવે છે તે અંગે જોઈએ તો સ્વાભાવીક છે કે, જયારે ઝઘડો ચાલતો હોય ત્યારે સાહેદોનું ધ્યાન બચાવમાં હોય ન કે તમામ આરોપીઓ કયારે શું બોલતા હતા તથા કયું હથિયાર કઈ–કઈ જગ્યાએ મારતા હતા તેનાં પર હોય જેથી તેવા માઈનોર તફાવત કેસના ગુણદોષ ઉપર કોઈ અસર કરતું નથી અને જેથી તેનો લાભ બચાવપક્ષને મળે તેમ નથી.

વધુમાં જોઈએ તો ***નામ.સુપ્રીમ કોર્ટે શ્યામબાબુ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ના કીસ્સામા ચુકાદો આપેલ છે કે જે ૨૦૧૨ કી.લો.જરનલ પાના નં. ૪૫૫૦*** ઉપર

પ્રસિધ્ધ થયેલ છે તેમાંના સિધ્ધાંતો લાગુ પડે તેમ છે. જેમાનો હેડ નોટ–સી નીચે મુજબ છે.

**(C) Evidence Act (1 of 1872) , S.3 EYE WITNESS Injured eyewitness Testimony of stands on higher pedestal than other witnesses.**

વધુમાં જોઈએ તો આ કામે બનાવ બન્યા પછી સૌપ્રથમ પોલીસને કરવામાં આવેલ છે તેથી બનાવની હકીકતો જાહેર થવામાં કોઈ વિલંબ થયેલ નથી અને તેથી તેવાં કોઈ કારણસર પણ ફરીયાદ પક્ષના કેસ ઉપર શંકા ઉપજે તેમ નથી.

**(૩૪)** વધુમાં જોઈએ તો આ કામે આંક–૩૭ થી ત.ક.અમલદાર રવજીભાઈ રુપસીભાઈ ભટ્ટ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ ફરીયાદ પક્ષની હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારી પુરાવો આપેલ છે.

**(૩૫)** આમ, ઉપરોકત જણાવેલ ઈજાઓ વ્યથાની વ્યાખ્યામાં સમાવેશ થઈ જાય છે અને તેથી તેમને નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં આ સાહેદોએ બનાવમાં તેમને માર મારનાર તરીકે આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. હાલના કામે આરોપી તર્ફેની દલીલ છે કે, આ કામે ગડદાપાટુનો માર મારી ઈજા કરેલાનું ભોગ બનનારે જણાવેલ છે પરંતુ ઈજા પામનાર સાહેદે કોઈ મેડીકલ ઓફીસર પાસે ઈજા અંગે સારવાર લીધેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું નથી અને આ કામે કોઈ મેડીકલ ઓફીસરશ્રીને પણ સાહેદ તરીકે ચાર્જશીટમાં

દર્શાવેલ નથી. તેથી ઈજા બાબતે શંકા–કુશંકાઓ જણાય આવે છે. પરંતુ આરોપીના વિ.વ.શ્રી ની દલીલમાં કોઈ તથ્ય જણાય આવતું નથી કારણ કે ***નામ.સુપ્રીમ કોર્ટના ૨૦૧૨ કી. લો.જરનલ પાના નં.૨૭૧૭ કાઠી ભરત વાજસુર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદા*** માં ઠરાવેલ છે કે, જયારે તમામ પુરાવો સુસંગઠિત હોય તો ફકત નજરે જોનાર સાહેદ હથિયાર ન ઓળખી બતાવે તેટલા માત્રથી આરોપી નિર્દોષ છુટી જવા પાત્ર રહે નહીં તે જ જજમેન્ટનાં પાના નં.૨૫ ઉપર જણાવેલ છે કે,

"When the entire evidence on record is considered the fact that the eye witness did not recognize the weapon used, makes no difference to the prosecution story. તેમજ નામ.સુપ્રીમ કોર્ટના ઉકત Dharmendrasingh @ Mansingh Ratansingh (suppra) ના જજમેન્ટની ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરીયાદી/ઈજાપામનારે  ફરીયાદમાં ગડદાપાટુનો માર મારેલ હોવાનું જણાવેલ છે તથા ઈજા પામનારે જુબાનીમાં પણ ગડદાપાટુનો માર મારી ઈજા કરેલાનું જણાવેલ છે.

વધુમાં ***સ્ટે ટ ઓફ એચ.પી. વિ. લેખરાજ (સુપ્રા)*** ના કેસમાં ઠરાવેલ છે કે, માઈનોર કોન્ટ્રાડીકશનને અવગણવા જોઈએ. વળી, જયારે કોઈ વ્યકિતને ઈજા કરવા કોઈ આવે ત્યારે માનવ બચાવમાં આવી જાય અને તે વખતે તે આરોપીએ કયાં સાધનથી, કેટલા ફુટના સાધન હતું જેવી ઈજા થઈ તે બાબતની સઘડી દરકાર કર્યા વગર તે પોતાનાં બચાવ પર જ ધ્યાન આપે છે. આ મનુષ્ય લાક્ષણિકતા માનવસહજ લાક્ષણિકતા છે.

વધુમાં હાલના કેસમાં કુલ મળીને જોઈએ તો આખી **RING OF TRUTH CHAIN** પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ નીવડેલ છે અને તેથી ફરીયાદીની જુબાની સંપુર્ણ વિશ્વાસપાત્ર, ક્ષતિરહિત, શંકામુકત, નકકર, મજબુત જણાય આવે છે. જે નહીં માનવાને કોઈ કારણ જણાતું નથી. વધુમાં ઓચિંતા ઉશ્કેરાટના કારણે ઈજા થયેલ હોવાનું જણાય આવતું નથી.

આમ, આવા સંજોગોમાં આ સાહેદોને નહીં માનવા માટેના કોઈ કારણ રેકર્ડ ઉપર નથી અને તેથી ફરીયાદ પક્ષ તે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક:૯/૩૦ વાગ્યાના સુમારે પેછડાલ ગામની સીમમાં ફરીયાદી તેમના ખેતરમાં ગયેલ હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી નં.૧ ના ખેતરમાં જવાનો સ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે આ રસ્તો તમોએ કેમ ખોલેલ છે જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે મે. મામલદતર સાહેબશ્રીના હુકમ મુજબ આ રસ્તો ખોલાવેલ છે તેવું કહેતાં આ કામના ફરીયાદીએ કહેલ કે તમો નીકળી ગયા પછી ઝાંપો બંધકરી દેજો તેવું કહેતાં આરોપી નં. ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલવા લગતાં તેમજ આરોપી નં. ૧ નાએ બુમો પાડી આરોપી નં. ર થી ૪ ને બોલાવતાં આરોપી નં.ર થી ૪ નાએ આવી ફરીયાદીને ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મારવા માટે સામા થતાં સાહેદ નવાબેન ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતાં તમામ આરોપીઓએ સાહેદ નાવાબેનને આડેધડ ગડદાપાટુનો માર મારી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની જાસા ધમકીઓ આપી ગુનો

કરવામાં એકબીજાએ મદદગારી કરેલ છે.

(૩૬) વધુમાં, બચાવ પક્ષે મૌખિક દલીલો કરેલ છે તેમાં તેઓએ આરોપીઓએ ગડદાપાટુનો માર મારેલ છે અને કોઈ હથિયાર તિક્ષણ/જોખમકારી હથિયારથી ઈજા કરવામાં આવેલ નથી તેવો બચાવ લીધેલ છે. તે અંતર્ગત જોઈએ તો, હાલના કેસમાં ગડદાપાટુથી માર મારેલ છે તેથી તે દલીલો તેમની ટકવાપાત્ર રહેતી નથી.

વધુમાં, બચાવ પક્ષે એવો બચાવ લીધો છે કે, ત.ક.અમલદારે લોહીના નમુના એફ.એસ.એલ.માં મોકલેલ નથી તથા બનાવવાળી જગ્યાએથી લોહી વાળી માટી મેળવેલ નથી તેથી તેનો બચાવ આરોપીને મળે તે અંતર્ગત જોઈએ તો, સ્ટેટ ઓફ રાજસ્થાન વિરુધ્ધ કિશોર નિર્ણિત તારીખ ૨૭ ફેબ્રુઆરી ૧૯૯૬ માં જણાવેલ છે કે, ઈન્વેસ્ટીગેશમાં ઈરેગ્યુલારીટી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર નથી.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટનાં ચૂકાદામાં ૨૦૧૨(૦) એ.આઈ.જે.ઈ.એલ. એસ.સી. ૫૧૨૦૦ માં પ્રસ્થાપિત કરેલ છે કે, ''**ઓકયુલર એવીડન્સ**'' માનવા લાયક પુરાવો છે તેમજ ***નામદાર ગુજરાત હાઈકોર્ટ રુપસીંહભાઈ પુનાભાઈ પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણિત તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૦૬*** નાં ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, એક જ સાક્ષીનો પુરાવો માનવા લાયક હોય, સચોટ હોય અને કેસની મહત્વની હકીકત જો રેકર્ડ પર આવી જતી હોય તો એક સાક્ષીના પુરાવાના આધારે પણ સજા થઈ શકે. વધુમાં, ***નામદાર સુપ્રિમ કોર્ટે ચૂકાદો ૨૦૦૫(૦) એઆઈજેઈએલ***

***એસ.સી. ૩૫૪૯૩, નિર્ણિત તારીખ ૩૧/૦૮/૨૦૦૫*** માં કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ડીફેકટી ઈન્વેસ્ટીગેશનનો લાભ બચાવ પક્ષને મળવાપાત્ર નથી.

વધુમાં, ***નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો બાલુસુદામ ખલદે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, નિર્ણિત તારીખ ૨૯/૦૩/૨૦૨૩ નાં*** ચૂકાદામાં કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ઈજા પામનાર સાહેદની જુબાની મહત્વ ધરાવે છે અને ઈન્વેસ્ટીગેશન ઓફીસરની ટેકનીકલ ખામીના કારણે બચાવ પક્ષને તેનો લાભ મળે નહી.

વધુમાં, બચાવ પક્ષે એવો બચાવ લીધો છે કે, જયારે નજરે જોનાર સાહેદ આરોપીને ઓળખી ન શકે ત્યારે બચાવ પક્ષને તેનો લાભ મળે. પરંતુ હાલના કેસમાં નજરે જોનાર સાક્ષીએ આરોપીને ઓળખી બતાવેલ હોય તેથી તે બચાવ તેમનો ટકવાપાત્ર રહેતો નથી.

નામદાર સુપ્રિમ કોર્ટ દવારા **ક્રિમીનલ અપીલ નં.૮૧૭/૨૦૨૦, નિર્ણિત તારીખ ૦૨/૦૩/૨૦૨૨** ના ચૂકાદામાં બેન્ચ દવારા (જસ્ટીસશ્રી ઈન્દીરા બેનરઝી બેન્ચ) એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, **"The prosecution is required to prove its case beyond reasonable doubt and not beyond all iota of doubt."**

વધુમાં**, સ્ટેટ ઓફ રાજસ્થાન વિરુધ્ધ કિશોર, નિર્ણિત તા.૨૭/૦૨/૧૯૯૬** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ઈન્વેસ્ટી ગેશનની ઈરેગ્યુલારીટીને કારણે આરોપીને ફાયદો ના મળે.

વધુમાં**, નામદાર સુપ્રિમ કોર્ટ દવારા અમીષ દેવગન વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના ચૂકાદામાં (નિર્ણિત તારીખ ૦૭/૧૨/૨૦૨૦)** એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, **એફ.આઈ.આર. તે એન્સાયકલોપીડીયા નથી**.

વધુમાં**, નામદાર સુપ્રિમ કોર્ટ દવારા હરીવદન બાબુભાઈ પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (નિર્ણિત તારીખ ૦૧/૦૭/૨૦૧૩)** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ડીલે એફ.આઈ.આર. અંગે સંતોષજનક ખુલાસો હોય તો તે બરાબર છે .

વધુમાં**, નામદાર સુપ્રિમ કોર્ટ દવારા નારાયણ સાંઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (નિર્ણિત તારીખ ૧૧/૦૮/૨૦૨૧)** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ડીલે એફ.આઈ.આર. અંગે સંતોષજનક ખુલાસો હોય તો તે બરાબર છે.

વધુમાં**, નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા રુપસિંગ પુનાભાઈ પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (નિર્ણિત તારીખ ૦૧/૦૯/૨૦૦૬)** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે**, એક જ સાક્ષીનો પુરાવો માનવા લાયક હોય તો**

**<u>કેસની મહત્વની હકીકતો જો રેકર્ડ પર આવતી હોય તો એક સાક્ષીના આધાર પર પણ સજા થઈ શકે.</u>**

(૩૭) આમ, ઉપરોકત પુરવાર થયેલ હકીકતો ઉપરથી આ કામે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર થાય છે કે કેમ, તે અંગે જોઈએ તો ઈ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

ઈ.પી.કો. કલમ ૩૨૩ નીચે મુ જ બ છે .

**ઈ.પી.કોડની કલમ ૩૨૩. સ્વેચ્છા પુર્વક વ્યથા પહોચાડવાની સજા:-**

''કોઈપણ વ્યકિત, કલમ-૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય સ્વૈછાપુર્વક વ્યથા પહોચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથાવ દંડ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.''

ઈ.પી.કોડની કલમ ૩૨૩ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે .

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશિકત નિપજાવ્યા.

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ.

આમ, ઈ.પી.કોડની કલમ ૩૨૩ માં વ્યથા અંગેની સજાની જોગવાઈ છે. જયારે વ્યથાની પરિભાષા ઈ.પી.કોડની કલમ ૩૧૯ માં આપવામાં આવેલ છે. અને તેથી સદર ઈ.પી.કોડની કલમ ૩૧૯ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

ઈ.પી.કોડની કલમ ૩૧૯ નીચે મુ જ બ છે .

**ઈ.પી.કોડની કલમ ૩૧૯ વ્યથા:–**

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યાકિતને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવે તેણે તેને વ્યથા કરી કહેવાય.

ઈ.પી.કોડની કલમ ૩૨૦ નીચે મુ જ બ છે .

આમ, આ કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ આ કામનાં આરોપીઓએ આ કામનાં ફરીયાદી તથા સાહેદને ઈજા પહોચાડી શારીરિક પીડા કરેલ હોય. જેથી ઈ.પી.કોડની કલમ ૩૧૯ મુજબ વ્યથા પહોચાડેલ હોવાનું પુરવાર થાય છે. આમ, ઈ.પી.કોડની કલમ ૩૨૩ નાં આવશ્યક તત્વો હાલનાં કામે પુરવાર થયેલ છે અને તેથી ફરીયાદ પક્ષે આ કલમ મુજબનાં ગુના આરોપીઓએ કરેલ હોવાનું પુરવાર કરેલ છે.

હવે, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ ૧૧૪ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે. તે અંગે જોઈએ તો ઈ.પી.કોડની કલમ ૧૧૪ નીચે મુજબ છે.

**ઈ.પી.કોડની કલમ ૧૧૪** ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારી હાજરી :–

પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીના પરિણામે થયેલા જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે. તેમ ગણાશે.

ઈ.પી.કોડની કલમ ૧૧૪ ના આવશ્યક તત્વો:–

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચીત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ.

ઈ.પી.કોડની કલમ ૧૧૪ અન્વયે જોઈએ તો આ કામના આરોપીઓ એ એકબીજાને મદદગારી કરેલ હોય, તેથી સદર કલમ મુજબના આવશ્યક તત્વો પુરવાર થાય છે.

"SEC.114. Whenever any person, who if absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence." This section thus makes an abettor of an offence liable for the offence committed by the person abetted, if the conditions mentioned in the section are fulfilled, as he also, in such circumstances, is to be deemed to have committed that very offence, although he himself did not actually commit that offence, but merely abetted the commission thereof. The section is applicable in case of prior abetment of an offence, coupled with the presence of the offender when the offence is committed, irrespective of any question of common intention or participation in actual commission of the offence.

આમ, ઈ.પી.કો. કલમ–૧૧૪ અન્વયે જોઈએ તો આ કામના

આરોપીઓએ એકબીજાને મદદગારી કરેલ હોચ તેથી સદર કલમ મુજબના આવશ્યક તત્વો પુરવાર થાય છે.

(૩૮)હવે, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ) મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે. તે અંગે જોઈએ તો ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ) નીચે મુજબ છે.

ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ) કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે :–

હાલના કામે આરોપીઓએ ઉપરોકત જણાવેલ કલમ–૨૯૪(ખ) નો ગુનો કરેલ હોચ તેવુ પુરવાર થતુ નથી. તેથી તેઓની ઉપરોકત હકીકત પણ રેકર્ડ ઉપરના પુરાવાથી સાબિત થતી ના હોઈ ફરીયાદ પક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૨૯૪(ખ) મુજબનો ગુનો સાબિત કરી શકયા નથી તેવુ મારુ માનવુ છે.

(૩૯) હવે, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે. તે અંગે જોઈએ તો ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) નીચે મુજબ છે.

**ઈ.પી.કો.કલમ ૫૦૬(૨): ગુન્હાહિત ધમકીની સજા:–**

''કોઈપણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે,

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોચ – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલ્કતનો નાશ કરવાની અથવા

આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રય વિહીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથાવ તે બંને સજા કરવામાં આવશે.

ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧. આરોપીએ ફરીયાદીને તેનાં શરીર, મિલ્કત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેનાં શરીર અથવા પ્રતિષ્ઠાને હાતિ પહોચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવુ કૃત્ય કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રયહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદોને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેટલા પુરાવા માત્રથી ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબના આવશ્યક તત્વો સાબીત થતા નથી કારણ કે આરોપીઓની આવી ધમકીને કારણે સલામતી ખાતર ફરીયાદીને તેમનું ઘર કે ગામ છોડવાની ફરજ પડેલ હોય અને ફરીયાદીને બીજે રહેવા માટે જવું પડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકયા નથી. વધુમાં ફરીયાદી રામાભાઈ

જોઈતાભાઈ પટેલને આવી ધમકીને કારણે કોઈ પોલીસ રક્ષણ મેળવેલ હોય અને તેમની જાનને જોખમ હોય, વધુમાં ઈ.પી.કો. કલમ– ૫૦૬(૨) માં દર્શાવ્યા પ્રમાણે ધમકી આપી હોય ત્યારે ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ. જો આવો કોઈ ગભરાટ ન હોય તો ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) નો ગુનો બનતો નથી તેવું ***નામ.ગુ જ રાત હાઈકોર્ટ ના માન.ન્યાયમૂર્તિશ્રી રવિ આર.ત્રીપાઠી સાહેબે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિ. ગુજરાત સરકાર*** નાં કેસમાં ઠરાવેલ છે.તે હકીકત પણ રેકર્ડ ઉપરના પુરાવાથી સાબિત થતી ન હોય ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કરી શકયા નથી તેવું મારું માનવું છે.

(૪૦) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક:૯/૩૦ વાગ્યાના સુમારે પેછડાલ ગામની સીમમાં ફરીયાદી તેમના ખેતરમાં ગયેલ હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી નં.૧ ના ખેતરમાં જવાનો રસ્તો બંધ કરેલ હોય જે રસ્તો ખુલ્લો હોય જેથી ફરીયાદીએ આરોપી નં. ૧ ને કહેલ કે આ રસ્તો તમોએ કેમ ખોલેલ છે જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે મે. મામલદતર સાહેબશ્રીના હુકમ મુજબ આ રસ્તો ખોલાવેલ છે તેવું કહેતાં આ કામના ફરીયાદીએ કહેલ કે તમો નીકળી ગયા પછી ઝાંપો બંધકરી દેજો તેવું કહેતાં આરોપી નં. ૧ નાએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલવા લગતાં તેમજ આરોપી નં. ૧ નાએ બુમો પાડી આરોપી નં. ૨ થી ૪ ને બોલાવતાં આરોપી નં.૨ થી ૪ નાએ આવી એકદમ ઉશ્કેરાઈ

જઈ ફરીયાદીને મારવા માટે સામા થતાં સાહેદ નવાબેન ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતાં તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ નાવાબેનને આડેધડ ગડદાપાટુનો માર મારી ઈજા કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી **ઇન્ડીયન પીનલ કોડની કલમ –૩૨૩, ૧૧૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષે **ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ) તથા ૫૦૬(૨)** પુરવાર કરેલ ન હોય જેથી મુદા નં.૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે અને મુદા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

(૧) હાલના કામે આરોપી નં.(૧) રામાભાઈ જોયતાભાઈ ચૌધરી, નં.(૨) શંકરભાઈ ધર્માભાઈ ચૌધરી, નં.(૩) માદેવભાઈ વીરાભાઈ ચૌધરી, નં.(૪) રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી, તમામ રહે. પેછડાલ, તા.ડીસા, જિ.બનાસકાંઠા નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે આરોપી નં. (૧) રામાભાઈ જોયતાભાઈ ચૌધરી, નં.(૨) શંકરભાઈ ધર્માભાઈ ચૌધરી, નં.(૩) માદેવભાઈ વીરાભાઈ ચૌધરી, નં.(૪) રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી,તમામ રહે. પેછડાલ, તા.ડીસા, જિ.બનાસકાંઠા નાઓને ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

(૨) આરોપી નં.(૧) રામાભાઈ જોયતાભાઈ ચૌધરી, નં.(૨) શંકરભાઈ ધર્માભાઈ ચૌધરી, નં.(૩) માદેવભાઈ વીરાભાઈ ચૌધરી, નં.(૪) રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી, તમામ રહે. પેછડાલ, તા.ડીસા, જિ.બનાસકાંઠા નાઓને ઈ.પી.કોડની કલમ–૩૨૩,૧૧૪ અન્વયે સજા બાબત સાંભળવા પર રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં તારીખ ૪/૫ /૨૦૨૬ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ–ડીસા**
**તા.૦૪/૦૫/ ૨૦૨૬**

**( કુ.ઉર્મિલા મનુભાઈ આહીર)**
એડીશનલ ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટ,
ડીસા.
જજ કોડ નં.જી.જે.૦૧૪૭૩.

**<u>સજા અં ગે, સાંભળ્યા.</u>**

**(૪૧)** હાલના કામે સજા અંગે એ.પી.પી.શ્રી એ તેમની મૌખિક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે,આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી. કોડની કલમ–૩૨૩ સાથે વાંચતા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર થયેલ છે. જેથી આરોપીઓને પુરેપુરી સજા કરવા અરજ કરેલ છે તેમજ આરોપીઓને પ્રોબેશનનો લાભ ન આપવા જણાવેલ છે અને વધુ દલીલ કરી કહેલ છે કે હાલના સમયમા જયારે ગુનાઓનુ પ્રમાણ દિવસે દિવસે વધતુ જાય છે ત્યારે આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવામા આવે તો તેનાથી સમાજમા ખોટો સંદેશ જશે અને આ પ્રકારના

આરોપીઓને ગુનાખોરી કરવા પ્રોત્સાહન મળશે. તેથી હાલના આરોપીઓને સદર ગુનાના કામે મહતમમા મહતમ સજા થવી જોઈએ. સજા અંગે આરોપીઓ તર્ફે તેમનાં વિ.વ.શ્રી.એ તેવી દલીલ કરેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ આ પ્રથમ ગુન્હો જ છે, આના સિવાય કોઈ બીજો તેમની વિરૂધ્ધ ગુનો થયેલ નથી. તેમજ તેમને સીનીયર સીટીજન હોય, પ્રોબેશનનો લાભ આપવા જણાવેલ છે.

## <u>તા ર ણો:-</u>

હાલના કામે આરોપીઓએ વિરુધ્ધ ઈ.પી. કોડની કલમ-૩૨૩, તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાનું પુરવાર થયેલ છે. હાલના કામે કેસના સંજોગો જોવામાં આવે તો આ કામે આરોપીઓએ ફરીયાદીને વ્યથા સ્વેચ્છાપૂર્વક ઈરાદા અને જાણકારી સાથે તૈયારી સાથે ફરીયાદી ભોગબનનાર પર હુમલો કરેલ છે તથા આ કામે હકીકતો જોઈએ તો આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ભેગા મળી ફરીયાદીને ગડદાપાટુનો માર મારેલ છે અને ઈજા પહોંચાડી વ્યથા કરેલ છે. તે પુર્વનિયોજીત હુમલો હોવાનું સ્પષ્ટ જણાય છે. પરંતુ ગુનાની ગંભીરતા તથા સમાજમાં આવા ગુના બનતાં અટકે તે સારું પણ કોર્ટે વિચારવું જરુરી જણાય છે. વ્યથાના ગુનામાં ભોગબનનારને લાંબા સમય સુધી તેની અસરો શરીર પર જોવા મળતી હોય છે. ફરીયાદી તથા સાહેદના શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તેનાં રોજિંદા જીવનમાં હાનિકારક નીવડી શકે તેવી પુરેપુરી શકયતાઓ નકારી શકાય તેમ નથી અને સમાજમાં સજાનું પ્રમાણ ખુબ જ ઓછું છે. વળી જો આવા

આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો ભોગ બનનાર જેને ન્યાય માટે રાહ જોવી પડેલ છે તેઓ તથા સમાજમાં પણ કોર્ટ અને ન્યાય આપતી પ્રણાલી પરથી વિશ્વાસ ડગી જાય.તેથી આરોપીઓને આવા ગંભીર ગુના કરવા સબબની માનસિકતા વધે અને કાયદાનું શાસન સમાજમાં જળવાય નહીં.આથી તેઓને આ અનુસંધાને પ્રોબેશન નો લાભ આપવો કદાપી ન્યાયોચિત કહી શકાય નહીં. વળી તાજેતરનાં નામ. ગુ જ રાત હાઈકોર્ટ નાં જજમેન્ટ State Of Gujarat Vs. Jadav Reported in 2016(3) GLR Pg 2120 માં ઠરાવેલ સિધ્ધાંત મુજબ પણ આરોપીઓનાં જઘન્ય અપરાધ સામે Lenient View નહીં લેવાનું ઠરાવેલ છે જેમાં મહત્વનાં સાહેદો હોસ્ટાઈલ જવા છતાં અન્ય સાનુકુળ પુરાવાથી સજા કરેલ હતી. હાલનાં કેસમાં આરોપી સામે મહત્વના સાહેદોએ સબળ, મહત્વનો, વિશ્વાસ લાયક, નકકર અને સામાન્ય શંકાથી પર પુરાવો આપેલ છે. આથી આરોપીને ખૂબ ઓછી સજા કરવી પણ ન્યાયોચિત નથી. વળી, કેસનાં સંજોગો જોતાં ગુનો ઉશ્કેરાટથી થયેલ નથી. નામ.કોર્ટે Shantanu Chakraborthy Vs. State Of Tripura Reported in 2005 CRLJ Pg 4333 માં પણ આવા ગુનામાં Probation of Offenders Act 1958 Section, નો લાભ આરોપીને આપવાનું ઉચિત ગણેલ નથી. વળી આ કૃત્ય આરોપીએ સ્વૈછાપુર્વક  કરેલ છે.  આવા પ્રકારનાં ગુનામાં પ્રોબેશનનો લાભ આપવા ન્યાયોચિત ગણી શકાય નહીં, અને આવા ગુનેગારો એવું માનતા થશે કે જો કોર્ટમાં ગુનો સાબિત પણ થઈ જાય તો પ્રોબેશનની માંગણી  કરવામાં આવશે,તો કોર્ટ રહેમ રાખી પ્રોબેશનનો લાભ આપી છોડી મુકશે અને જયારે કોર્ટ ક્રી.પ્ર

ો.કોડની કલમ ૨૪૮(૨) નીચે આરોપીને દોષિત ઠેરવેલ છે તથા આ જજમેન્ટ ચર્ચાની પરીપેક્ષમાં પ્રોબેશનનો લાભ આપવો પણ ન્યાયોચિત નથી. વળી, આખો બનાવ એ એકાએકનો નહીં પરંતુ પૂર્વતૈયારી સાથેનો જણાય આવે છે. વ્યથા પહોંચાડેલાનું નિ:શંકપણે પુરાવાથી સાબિત થયેલ છે. હાલના સમયમા જયારે ગુનાઓનુ પ્રમાણ દિવસે દિવસે વધતુ જાય છે ત્યારે જો આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવામા આવે તો તેનાથી સમાજમા ખોટો સંદેશ જશે અને આ પ્રકારના આરોપીઓને ગુનાખોરી કરવા પ્રોત્સાહન મળશે. જેથી આરોપીઓને પ્રોબેશનનો લાભ આપી શકાય તેમ ન હોવાનુ ઠરાવવામા આવે છે. અને તે ધ્યાને લેતાં નામ.ગુજરાત હાઈકોર્ટે તથા નામ. સુપ્રીમ કોર્ટે ઘણાં ચુકાદાઓમાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેની અસર તે તમામ સંજોગો ધ્યાને લેતા તે અંગે નિર્ણય કરવાનો રહે છે અને સજા કરતી વખતે કોર્ટે વધારે પડતી હળવાશ રાખવી જોઈએ નહીં. પરંતુ ગુનાને અનુરૂપ સજા થવી જોઈએ. તે તમામ સંજોગો ધ્યાને લેતાં તથા ગુનાની ગંભીરતા તથા આરોપીઓની બનાવ વખતની વર્તુણક ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ સજા અંગે આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // આખરી હુ ક મ //

(૧) આ કામના આરોપી નં. (૧) રામાભાઈ જોયતાભાઈ ચૌધરી, નં.(૨) શંકરભાઈ ધર્માભાઈ ચૌધરી, નં.(૩) માદેવભાઈ વીરાભાઈ ચૌધરી,

નં.(૪) રમેશભાઈ જોયતાભાઈ ચૌધરી, તમામ રહે. પેછડાલ, તા.ડીસા, જિ.બનાસકાંઠા નાઓને ક્રી.પ્રો.કોડની કલમ ૨૪૮(૨) અન્વયે ઈ.પી. કોડની કલમ–૩૨૩ સાથે વાંચતા ૧૧૪ ના ગુના માટે છ માસની સાદી કેદની સજા તથા દરેક આરોપીને રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરાં) નો દંડ ફરમાવવામાં આવે છે. અને જો આરોપીઓ દંડ ના ભરે તો વધુ ૧૦ (દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ઉપરોકત કલમો અંગે કેદ અંગે કરવામાં આવેલ તમામ સજા એકી સાથે Concurrentf ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ જો આ જ ગુનાના કામે અગાઉ કસ્ટડીમાં રહેલ હોય તો તેટલા દિવસો સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓને ચુકાદાની એક નકલ તાત્કાલિક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં તારીખ ૪/૫/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–ડીસા**
**તા.૦૪/૦૫/ ૨૦૨૬.**

**(કુ. ઉર્મિલા મનુભાઈ આહીર)**
એડીશનલ ચીફ જયુડી મેજીસ્ટ્રેટ,
ડીસા.
જજ કોડ નં.જી.જે.૦૧૪૭૩.